ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૬/૧૮-૧૯/ 3809 તારીખ : 27 AUG 2018

કેસ ન. ૭૬/૧૮-૧૯.

પ્રતિ,
શ્રી રાધાભાઇ સવસીભાઇ ઝમપડિયા (કોળી)
મુ.: ખીંટલામ તા. સાયલા,
જી. સુરેન્દ્રનગર.
મો : .

**વિષય : નવા ખેતીવાડી વીજ કનેક્શન બાબત.**

સંદર્ભ : આપનો પત્ર તા. ૨૫.૦૬.૧૮, અત્રેની કચેરીને મળ્યા તા. ૧૩.૦૭.૧૮.
(પીજીવીસીએલ/૬૦૯૦ તા. ૧૧.૦૭.૧૮)

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ સાદર રવાનાઃ-
- મુખ્ય ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ઝોનલ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

નકલ રવાનાઃ-
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૭૬/૧૮-૧૯ નો હુકમ**

વાદીશ્રી ની તા.૨૫.૦૬.૧૮ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી **રાધાભાઇ સવસીભાઇ ઝામપડિયા (કોળી)**, .મુ.: ખીંટલામ તા. સાયલા જી. સુરેન્દ્રનગર દ્વારા રજૂઆત કરેલ કે, તેમના નવા ખેતીવાડી વીજ જોડાણને ચાલુ કરવા જમ્પર આપવામાં ન આવતા વીજ પ્રવાહ શરુ થયેલ ન હોવાની બાબતને લઇ ને થયેલ તકરાર માટે રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૧૮-૧૯/૩૨૨૪ તા. ૧૯.૦૭.૧૮ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવમાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને જરૂરી તપાસ કરી પ્રતિવાદી દ્વારા વીજ કનેક્શન ચાલુ કરવાની બાબતને લઇને જરૂરી કાર્યવાહી કરી તા. ૦૮.૦૮.૧૮ના રોજ વાદીના વીજ સ્થાપન પર વીજ પ્રવાહ શ્રી કરી આપવામાં આવેલ છે અને ફરિયાદનું નિરાકરણ કરવામાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવમાં આવેલ કાર્યવાહી તેમજ વાદી દ્વારા પણ આજરોજ ફોરુમ સમક્ષ મોખિક /લેખિતમાં તે બાબતની સમર્થન આપેલ છે કે તેઓની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હ્વે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હ્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરારહોય તો આ હુકમ મળ્યે દિવસ-30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે)<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>**ટેકનીકલ સભ્યશ્રી** | (એમ. આર.વજરીયા)<br>**અધ્યક્ષશ્રી,**<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

**તારીખ :- ૧૦.૦૮.૧૮.**

P.G.V.C.L. Bhavnagar.